# Day to Day Current Affairs

**14.Dec 2015**

## ૧. જાપાનના વડાપ્રધાન સિન્ઝા આબેનો ભારત પ્રવાસ

- તાજેતરમાં જાપાનના વડાપ્રધાન સિન્ઝ આબે 9 મી વાર્ષિક ઈન્ડો – જાપાન સમિટ અંતર્ગત ત્રણ દિવસીય ( 11 ડિસેમ્બર 13 ડિસેમ્બર ) ભારત પ્રવાસે આવ્યા હતા.
- સિન્ઝા આબે એ તેના સમકક્ષ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે કાશીના દશાશ્વમેધ ઘાટ પર ગંગા આરતી કરી હતી.
- બંને દેશ વચ્ચે થયેલા મહત્વના કરાર :
- ભારત અને જાપાન વચ્ચે સંરક્ષણ અને ટેકનોલોજીની આપ B લે તથા લશ્કરી માહિતીની સાચવણી માટેના સુરક્ષા પગલા જેવા વિવિધ 14 કરાર પર હસ્તાક્ષર થયા.
- મેક ઈન ઈન્ડિયામાં રોકાણ કરવા માટે જાપાને 12 અબજ ડોલરની ફાળવણી કરી છે.
- માર્ચ 2016 થી જાપાની પ્રવાસીઓ માટે વિઝા ઓન અરાઈવલ સુવિધા આપવામાં આવશે.
- જાપાન ભારતમાંથી કાર આયાત કરશે, મારૂતી સુઝુકી હવે ભારતમાં કાર ઉત્પાન કરશે અને જાપાનમાં નિકાસ કરશે.
- અમદાવાદ – મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ;
- જાપાન આ યોજના માટે ટેકનિકલ સહાય ઉપરાંત પ્રોજેક્ટ ખર્ચના 81 ટકા રકમ (80400 કરોડ ) અપાશે.
- આ પ્રોજેકટનો અંદાજીત ખર્ચ 98000 કરોડ છે.
- આ 81 ટકા રકમ જાપાન 0.1 ટકા વ્યાજની લોન તરીકે ભારતને આપશે જેની ચૂકવણી ભારતે 50 વર્ષમાં કરવાની રહેશે,
- રેલવે રુટ – 505 કિમી.
- સ્પિડ – 300 કિમી/કલાક
- સમય – 2 થી 2:30 કલાક
- આ પ્રોજેકટનુ કામ 2017 માં શરૂ થશે અને 2023 માં મુસાફરીની શરૂઆત થશે.

## ૨. અભિનય સમ્રાટ દિલિપ કુમારને પદ્મવિભૂષણ એનાયત થયો :

- ભારતીય ચલચીત્રમાં આપેલા બહુમુલ્ય યોગદાન બદલ અભિનેતા દિલિપ કુમારને તેમના નિવાસ સ્થાને જઈ કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે પદ્મવિભૂષણ એવોર્ડ એનાયત કર્યો.
- એપ્રિલ મહિનામાં રાષ્ટ્રપતિભવન ખાતે જૂદા – જૂદા વિજેતાઓને પદ્મ એવોર્ડ એનાયત કર્યા હતા, પરંતુ દિલિપ કુમાર તેમની નાદુરસ્ત તબિયતના કારણે જઈ શકયા ન હતા.
- અગાઉ ભારત સરકારે તેમને વર્ષ 1991 માં પદ્મભૂષણ અને વર્ષ 1994માં દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કર્યા હતા.
- હાલ પાકિસ્તાનના પેશાવરમાં જન્મેલા મોહમ્મદ યુસુફ ખાન ઉર્ફે દિલિપ કુમારે વર્ષ 1944માં 'જવારા-ભાટા' ફિલ્મથી કારકીર્દિની શરૂઆત કરી હતી.
- અંતિમ ફિલ્મ – 'કિલ્લા' (1998).

## 3. ભારતના ત્રણ એથ્લિટ રિયો ઓલિમ્પિક માટે ક્વોલીફાય :

- તાજેતરમાં આંતરરાષ્ટ્રીય એમેચ્યોર એથ્લેટિક્સ સંઘ (આઈએએએફ) એ ક્વોલિફાઈંગ નિયમોમાં ફેરફાર કરતાં હવે, ભારતના વધુ ત્રણ એથ્લિટ રિયો ઓલિમ્પિકમાં ભાગ લઈ શકશે, જે નીચે મુજબ છે.
- 1) વિકાસ ગૌડા - ડિસ્કસ થ્રો
  2) સપના - મહિલા વોકિંગ
  3) જિતેન્દ્રસિંહ - પુરુષ મેરેથોન.

## ૪. તુર્કમેનિસ્તાન થી 'તાપી' પરિયોજનાનો પ્રારંભ :

- તુર્કમેનિસ્તાનના પ્રાચીન શહેર મેરી ખાતે 7.6 અબજ ડોલરનું મૂલ્ય ધરાવતા 'TAPI' ગેસ પાઈપલાઈનનો વિધિવત શિલાન્યાસ કરાયો.
- TAPI :
  તુર્કમેનિસ્તાન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન,ઈન્ડિયા.
- તાપી ગેસ પાઈપલાઈન આશરે 1,800 કિમી લાંબી રહેશે, જે તુર્કમેનિસ્તાનથી અફઘાનિસ્તાન અને ત્યારબાદ પાકિસ્તાન થઈ ભારતમાં આવશે.
- આ પ્રોજેક્ટ ડિસેમ્બર, 2019 સુધી પુરો થઈ જશે.
- આ યોજનાનો શિલાન્યાસ કરવા પધારેલા દેશના પ્રતિનિધિઓ :
  1) તુર્કમેનિસ્તાન – ગુરબાંગુલી બર્દિમુહમદોવ (રાષ્ટ્રપતિ)
  2) અફઘાનિસ્તાન – અશરફગની
  3) પાકિસ્તાન – નવાઝ શરીફ (વડાપ્રધાન)
  4) ભારત – હામિદ અંસારી (ઉપરાષ્ટ્રપતિ).

### પ્રશ્નો

1. તાજેતરમાં ડિસેમ્બર, 2015 માં કયાં વિદેશી વડાપ્રધાન ભારત પ્રવાસે આવ્યા હતા ? – સિન્ઝા આબે, જાપાન વડાપ્રધાન.
2. જાપાનના વડાપ્રધાન સિન્ઝા આબે એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે કયા ઘાટ પર ગંગા આરતી કરી હતી? – કાશીના દશાશ્વમેધ ઘાટ.
3. તાજેતરમાં ભારત – જાપાન વચ્ચે કેટલા મહત્વના કરાર થયા? – 14.

Vivekanand Academy, Gandhinagar

4. મેક ઈન ઈન્ડિયામાં રોકાણ કરવા જાપાને કેટલી રકમની ફાળવણી કરવાની જાહેરાત કરી? – 12 અબજ ડોલર.
5. વડાપ્રધાન નરેન્દ્રમોદીએ કયારથી જાપાની પ્રવાસીઓ માટે વિઝા ઓન અરાઈવલ સૂવિધા આપવાની જાહેરાત કરી. – માર્ચ, 2016.
6. કઈ કંપની ભારતમાં કાર બનાવીને જાપાનમાં આયાત કરશે? – મરુતી સુઝુકી.
7. તાજેતરમાં જાપાને ગુજરાતના કયાં પ્રોજેકટમાં સહાય કરવાની તૈયારી બતાવી છે? – અમદાવાદ – મુબઈ બુલેટ ટ્રેન પ્રોજેકટ.
8. અમદાવાદ – મુબઈ બુલેટ ટ્રેન પ્રોજેકટમાં જાપાને માત્ર 0.1 વ્યાજના દરે કેટલી રકમ લોન આપવાની જાહેરાત કરી? – 81 % (80400 કરોડ રૂપીયા).
9. તાજેતરમાં કયાં અભિનેતાને તેના જ નિવાસસ્થાને પદ્મવિભૂષણથી સન્માનીત કરાયા? – દિલિપ કુમાર.
10. અગાઉ પ્રખ્યાત અભિનેતા દિલિપ કુમારને ભારત સરકારે કયાં એવોર્ડથી સન્માનીત કર્યા છે? - પદ્મભૂષણ (1991), દાદાસાહેબ ફાળકે એવોર્ડ (1994).
11. મોહમ્મદ યુસુફ ખાન ઉર્ફે દિલિપ કુમારની પ્રથમ ફિલ્મ જણાવો. – 'જવારા – ભાટા'.
12. અભિનેતા દિલિપ કુમારે છેલ્લે કઈ ફિલ્મમાં અભિનય કર્યો હતો? – કિલ્લા.
13. તાજેતરમાં ડિસેમ્બર, 2015માં કયા ત્રણ ભારતીય એથ્લેટ્સ રિયો ઓલિમ્પિક માટે ક્વોલીફાય થયા? – વિકાસ ગૌડા, સપના, જિતેન્દ્રસિંહ રાવત.
14. ભારતીય એથ્લેટ વિકાસ ગૌડા કઈ રમત સાથે સંકળાયેલ છે? – ડિસ્કસ થ્રો.

Vivekanand Academy, Gandhinagar